णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# ઉપયોગ ધારા

## પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

## ધર્મબિન્દુ - અણગાર ધર્મ - પંચમ અધ્યાય

## વાચના ૫૧-૫૫

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૮

26.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૫૧

ધર્મ બિંદુ ગ્રંથમાં પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ પાંચમા અધ્યાયના નવમા સુત્રમાં કહે છે,

आरम्भत्यागः।

સંયમ લીધું, દીક્ષા લીધી, દીક્ષા નું ફાઉન્ડેશન શું ? દીક્ષા નું સર્વસ્વ શું ? વ્યવહાર દ્રષ્ટિએ જોઈએ, તો ષટ્કાયના જીવોની હિંસા એનો ત્યાગ કરવામાં આવે, એનું નામ દીક્ષા, એનું નામ સંયમ.

એક પ્રશ્ન કરવામાં આવ્યો, આગમની અંદર, કે અમને સમજાતુ નથી કે આ બધો કાળ પડતો છે, જીવો એવા છે, શરીર બધા નબળા છે, ક્યાં સુધી અમારે સમજવાનું કે સંયમ પરિણામ છે, એમને સાધુ જ સમજવાના એ ભાવ સાધુ જ છે એ અમારા માટે સમજુએ, કે બીજા માટે કોઈક પ્રયોજન હોય ને સમજુએ અને ત્યાં આગમની અંદર જવાબ આપ્યો, એક લક્ષણ,

छक्कायअणुसज्जणा जाव

જ્યાં સુધી ષટ્કાયના જીવો પ્રત્યેની યતના નો પરિણામ હાજર છે, ત્યાં સુધી સાધુપણું છે. ક્યારેક ગૃહસ્થો ને સાધુના ઈલ્કાબો આપવામાં

આ તો
આવતા હોય, કે આ ભાઈ સાધુ જ છે, સંત
છે. ઉટપી આવા બધા ઈલ્કાબો આપવામાં
આવતા હોય છે. તો સરળતા હોવી, ભદ્રિકતા
હોવી, અમુક ગુણો હોવા. દેશવિરતિ ની -
આરાધના હોવી એને શ્રાવકપણું કહેવાય,
જ્યાં ગાડીમાં બેસવાનું છે, લાઈટ- પંખા -
વાપરવાના છે, પૈસા રાખવાના છે, વ્યવહારો
સંસારના કરવાના છે, એમને પણ સાધુ કહેવા,
એ અઢી દ્વીપના બધા સાધુ ભગવતો ની -
આશાતના છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ સાધુનો અર્થ સાદો હોવો જોઈએ, આ માણસ - સાદો છે, સીધો - સાદો છે અને સાદો છે - એટલે સાધુ છે, એમ કહેવાય !

પૂજ્યશ્રી નો ઉત્તર :- ~~એટલે આ છે કે~~ એ તમારી બનાવેલી વ્યાખ્યા છે જેનું જીવન સાદુ એ સાધુ. એટલે આ રીતે પોતપોતાની વ્યાખ્યાઓ બનાવીને, પોતાના - ઈલ્કાબો આપી એનો વાંધો નથી, પણ

ભગવાન જેને સાધુ કહે, આગમ જેને સાધુ
કહે એ તો એને ના કહેવાય ને. બરાબર
છે. એક કુતરો સાદો હોય, એને બધુ સારુ
બોલતુ હોય, એને તમે ઈચ્છકાર, અભુટ્ઠિઓ-
કરીને વંદન કરશો ? તમારી પાસે પણ એવી
એક વાત છે કે ભાઈ આ તો અપેક્ષાની-
વાત છે ને, તમે બોલો કે એ તો સાધુ
જેવા છે ત્યારે તમે અપેક્ષા સમજો છો કે
સાધુ જેવા ગુણો છે, બાકી સાધુ તો એ
નથી જ. બરાબર છે, આટલુ સમજાય છે.
તો શાસ્ત્રીય વ્યાખ્યા શું ? આવશ્યક-
નિર્યુક્તિ આગમમાં, શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી
મહારાજ કહે છે,

નેવ્વાણસાહએ જોએ જમ્હા સાહંતિ સાહુણો ।

જે સાધે તે સાધુ ! શું સાધે ? તો-
નિર્વાણ સાધક યોગ, જે રત્નત્રયી, જે સર્વ-
વિરતિ, જે સંપૂર્ણ સંયમ, જે અઢાર હજાર શીલાંગ,
એને જે સાધે, એનું નામ સાધુ. બીજી વ્યાખ્યા
કરી,

સમા ય સવ્વભૂએસુ તમ્હા તે ભાવસાહુણો ॥

સામાયિક સુત્ર દ્વારા સર્વ સાવદ્યની પ્રતિજ્ઞા લઈને

કરેમિ ભંતે સામાઈયં, બધા જીવો અને પુદ્ગલો પ્રત્યે સમભાવ ને ધારણ કરવાની પ્રતિજ્ઞા લીધી, માટે એ સાધુ છે. તમે કહો કે ગૃહસ્થ હોય ને સમતા હોય પણ જ્યાં સુધી વ્રતો નથી, મર્યાદાઓ નથી, સર્વ વિરતિ નથી, ઘર છોડ્યું નથી, પરિવાર છોડ્યો નથી, તમે કહો કે છે, કોલસાની ખાણમાં છો પણ આખા છો ને ચોકખા છો એના જેવી વાત છે, જે શક્ય નથી.

સાધુને ક્યાંક ડાઘ લાગી જાય આવુ પણ બને, ગૃહસ્થ ક્યાંક ચોકખા હોય-આવુ પણ બને. OVER ALL સાધુ ચોકખા-હોય, ગૃહસ્થ મેલા, સાધુ છે એ ચોકખી જગ્યાએ છે, ગૃહસ્થ કોલસાની વખારમાં કે ખાણમાં છે. ગૃહસ્થ માટે ચોકખા રહેવું અઘરું છે. સાધુ નથી હોટલમાં જવાના, નથી થિયેટરમાં જવાના, નથી RESORTમાં જવાના, નથી-T.V. જોવાના, નથી મોબાઈલ ઉપર કોઈ સિરિયલ કે PICTURE જોવાના, તો સાધુને એ બધા નિમિત્ત ગયા ને સાધુને આરાધનાના

આલંબન મળ્યા, તો પ્રાયઃ કરીને સાધુ તો
ચોક્ખા જ રહેવાના છે અને છદ્મસ્થતા -
વશાત કોઈ દોષો લાગી ગયા, ડાઘા લાગી ગયા,
એને પ્રાયશ્ચિત દ્વારા ધોઈ નાખવાના છે,
પણ ગૃહસ્થ ને ડાઘા લાગવાનો સંભવ નથી,
કારણકે એ ડાઘા પડવાનો સંભવ નથી, કારણકે
પ્રાયઃ કરીને એની ચાદર જ આખી કાળી છે.
ધોળુ હોય તો એમાં ડાઘ લાગે, કાળામાં શું
ડાઘ લાગે ? કાળામાં કાંઈક ચોક્ખુ થઈ શકે
તમે સામાયિક કરો, પ્રતિક્રમણ કરો, એવા પણ
આરાધક આત્મા હશે, જેમને એવી અનુકૂળતા -
હોય કે ધર્મ ધ્યાનમાં રહેતા હોય. જેમની -
પરિણતિ વિશુદ્ધ હોય, આવા અપવાદ ને
બાદ કરો, બાકી શું હોય ? GENERALLY
શું હોય ? કાળી ચાદર હોય, એટલે એમાં
કોઈ લૌકિક ગુણો, માનવતા ના ગુણો, કાંઈક
સરળતા, અને એટલી સરળતા કે સાદગી -
માત્રથી સાધુ કહો ને એ જ સાધુ જ્યારે
કહો ત્યારે મરિચી કરતા વધારે પાપ થઈ
ગયુ છે. અને ત્યાં આશય એ હોય છે કે
ત્યાં સાધુતા નથી ને અહિંયા સાધુતા છે. અને

આવા પણ આવા સમાજમાં હોય છે. એક ભાઈ મારી પાસે આવ્યા હતા, ચાર-પાંચ-દિવસ પહેલાની વાત. આવી વાત ચાલતી હતી, મેં કહ્યું પહેલું એટલું કામ તમે એ કરો, એટલું નક્કી કરો કે કોઈ પણ સાધુની નિંદા નથી કરવી. તમારા આત્માના હિત માટે કહું છું આ બાધા લઈ લો. મને કહે લઈ લઉં, પણ સાહેબ કોઈ પણ મહારાજ સાહેબ સાથે આવી ખુલ્લી ચર્ચા કરવામાં વાંધો નહિ-ને? મેં કહ્યું કે,

પોતાના દોષોની જ ચર્ચા શા માટે નહિ?

એક અંદરનો અહમ છે, અભિમાન છે કે ભલે હવે હું સંસારમાં બેઠો, ભલે હવે મેં સંસાર-છોડ્યો નહિ, તો પણ સાધુ કરતા તો હું જ મહાન છું. શાસ્ત્રકાર ભગવંતો એ આવી જ ઘટનાને એક શ્લોકમાં ઘટાવી છે,

अशक्ता तत्पदं गन्तुं ततो निन्दां प्रकुर्वते ।

પોતે ત્યાં પહોંચી શક્યા નહિ, દ્રાક્ષ મળી-નહિ, એટલે ખાટી હતી. સાધુપણું છે જ નહિ

સાધુઓ ખરાબ જ છે, એવું આમ છે. પેલું આમ છે, ચર્ચા કરવાનો પહેલો મુદ્દો એ આપણો દોષ નથી, તો આપણે આત્માર્થી નથી.

થોડલો પણ ગુણ પર તણો દેખી હર્ષ મને આણ રે...

દોષ લવ પણ નિજ દેખતા નિર્ગુણી આતમા જાણ રે...

ગામની ચર્ચા કરવી, પાપીની ને અધમની ચર્ચા કરવી, ખુનીની ચર્ચા કરવી, કોઈ ચોર હોય - એની પણ નિંદા કરવી, એ ખોટું છે આવું શાસ્ત્ર કહે છે,

सर्वत्रनिन्दासंत्याग:।

તો તારક તત્વોની, સાધુની નિંદા તો ક્યાંથી કરે! આચારાંગની ટીકામાં શિલાંકસૂરી મહારાજ ના - સ્પષ્ટ શબ્દો છે,

अनेन साधुनिन्दयानन्तसंसारित्वमावेदितम्

જે સાધુની નિંદા કરે, તે અનંત સંસારી થાય. વાત સમજાય છે.

પ્રશ્ન ગઈ વાચનાનો ચાલુ હતો, પારિષ્ઠાપનિકા સમિતિ, એમાં એની અંદર કઈ રીતે વ્રત પરિણામની રક્ષા કરવી છે, હું તમને SIMPLE EXAMPLE આપુ, માત્ર પારિષ્ઠાપનિકા

સમિતિ નો સવાલ નથી, દોષિત ગોચરી પણ-
છે, મહાત્મા માંદા છે, એમા ભય છે, ત્યાં
કહેવું પડ્યું છે, ઉપયોગ કરો, ત્યાં કદાચ-
અપકાય ની, તેઉકાયની, વનસ્પતિ કાયની-
વિરાધના પણ થઈ રહી છે, ત્યાં પણ આ જ
પ્રશ્ન આવશે કે ભાઈ, પરિણામ કઈ રીતે
ક્ઠોર નહિ થાય, પરિણામની રક્ષા કઈ રીતે
થશે, મહાત્માની ! અને બહુ PRACTICALLY
બધા મહાત્મા અનુભવતા જ હોય, એમના
જીવનમાં એવી વાત કરું કે એ સમયે-
મહાત્મા વિચારે કે ના ભાઈ, આ સ્થાવર-
જીવોની હિંસા તો થાય જ નહિ, વિરાધના થાય
જ નહિ, જે થવું હોય તે થાય, મહાત્મા-
જીવે તો જીવે, ન જીવે તો ન જીવે, આમાં-
પરિણામ કઠોર થાય છે. અને જિનાજ્ઞા-
ગુરુ આજ્ઞા સાપેક્ષ, શાસ્ત્ર સાપેક્ષ, જ્યારે-
દોષિત વહોરેવું પણ પડે છે, એમાં પરિણામ-
નિર્મળ અને કોમળ રહે છે. આટલુ સમજાય
છે તો આગળ વધુ. જ્યાં બહાર ક્યાંય-
પ્યાલા પરઠવતા શાસનની અપભ્રાજના થાય,
ઉપાશ્રયના નામે ક્યાંય પૈસા દોઢા આપતા પણ

ક્યાંય જગ્યા મળે નહિ, આવી પરિસ્થિતિનું સર્જન જે શાસન અપભ્રાજના નો ઢંઢેરો કહેવાય, એ નજર સામે થઈ રહ્યું હોય, એવા સંયોગોની અંદર મહાત્મા, જો સમજે કે ભઈ હવે મે હું અહિંયા પરઠવું ને એ નિષ્ઠુરતા-કહેવાય, કુહરિતા કહેવાય, શાસન પ્રત્યનિકતા કહેવાય, શાસન સાથેની દુશ્મનાવટ કહેવાય, અવિવેક કહેવાય, માર્ગાનુસારી પણું સુદ્ધા-કહેવાય નહિ, આને ગીતાર્થતા ન કહેવાય, આને આચાર ન કહેવાય, આને સંયમ ન-કહેવાય, આને વિરતિ ના કહેવાય, આને અનાચાર કહેવાય, અવિરતિ કહેવાય, અસંયમ કહેવાય, આને જિનાજ્ઞા નો ભંગ કહેવાય, મે શાસન અપભ્રાજના હું કરું છું તો.

શાસ્ત્રોમાં બહુ સ્પષ્ટ કહ્યું કે મરી જવું પડે તો મરી જજે, પણ શાસનની-અપભ્રાજના કરતા નહિ, શાસ્ત્રોમાં બહુ સ્પષ્ટ કહ્યું છે, કે જરૂર પડે તો સ્વરૂપ વિરાધના-પણ કરજે, પણ શાસનની અપભ્રાજના-કરતા નહિ.

શ્રેણિક રાજાએ પરીક્ષા કરવા, મહાત્માને મંદિર-માં પુરી દીધા છે, વેશ્યા અંદર મોકલી છે, દરવાજો બહારથી બંધ કર્યો છે. સવારે - તમાશો બનાવવાનો છે, જૈન સાધુ સાથે - વેશ્યા એકાંતમાંથી બહાર નીકળે, થૂ..થૂ..થૂ.. કરે બધા જિનશાસન ઉપર. અને એ સમર્થ મહાત્મા વિવેકી છે, વેશ્યાના બધા પ્રયાસો - નિષ્ફળ ગયા છે, મહાત્માની પરિણતિ, એમની સ્થિરતા, એમનું બ્રહ્મચર્ય, એમની નિર્મળતા, વેશ્યા હારી છે, થાકી છે, પગે પડી છે, માફી માંગી છે, પણ દરવાજો તો બહારથી બંધ જ છે.

વેશ્યા પરે છુપી વાત કરે છે કે આ રીતે છટકું છે, સવારે આખું ગામ - ભેગું થયું હશે ને આપણે બે બહાર નીકળશું, ચેલ્લણાનું મોઢું નીચું થઈ જશે, શ્રેણિક - રાજા લુચ્ચું હસી રહ્યા હશે, જિનશાસનની - ઘોર અપભ્રાજના થશે, રાજા ધર્મ પામ્યા નથી, ચેલ્લણા રાણી જિનશાસન.. જિનશાસન કર્યા - કરે.. એટલે એમને બતાડી દેવા નીચું જોવડા - વવા, બોલતી બંધ કરવા, આ ષડયંત્ર ગોઠવ્યું છે.

શ્રેણિક રાજા ધર્મ પામ્યા ન હતા એ પહેલાની વાત છે, સમ્યગ્ દર્શન નથી પામ્યા, મહાત્મા વિચાર કરે છે કે શાસનની અપભ્રાજના નો હરગીઝ ન થવી જોઈએ. મંદિરનું બારિયું છે, બારણાં બંધ છે, દીવો ત્યાં ચાલુ છે, મહાત્મા સંયમ જીવન ના વસ્ત્રો ને એ દીવા-ની અંદર બાળી ને રાખ કરી દે છે, મહાત્મા જેને લઈને ભાગ્યા હતા, જે સંયમ જીવનનું સર્વસ્વ, જે સાધુતાનું લક્ષણ કહેવાય, એ-રજોહરણ પણ એ દીવાની આગમાં બાળીને રાખ કરી દે છે. તેઉકાયની વિરાધના થઈ છે. ઉપકરણો ની રાખ થઈ છે, પોતાના હાથે મહાત્મા એ, આ એક સ્વરૂપ હિંસા, વિરાધના તેઉકાયના જીવોની કરી છે, એ રાખ લઈને શરીરે ચોળી દે છે, મંદિરની ચિપીયો હાથમાં લઈ લે છે, અને અલક નિરંજન.. અલક નિરંજન કરતા સવારે દરવાજો ખુલે ને બહાર-નીકળે છે. પાછળ વેશ્યા નીકળે છે, નગર-જનો મોઢું ફાડીને, આંખો ફાડીને જોતા રહી જાય છે, લોકો આજે હસુ હસુ થઈ રહી છે, અને શ્રેણિક રાજા મોઢું બંબવાળના..

જંજવાળતા નીચું જોઈ જાય છે, આનું નામ પ્રન પરિણામની રક્ષા !

<u>સભાનો પ્રશ્ન</u> :- ભગવંત! આ પ્રસંગમાં જિનશાસનની અપભ્રાજના તો અટકી ગઈ પણ, અલગ નિરંજન કરીને બીજા-ધર્મની અપભ્રાજના થઈ એનું શું ?

<u>પૂજ્યશ્રીનો ઉત્તર</u> :- પ્રજ્ઞાપના આગમની અંદર આ સવાલનો જવાબ-આપેલો છે. કઈ રીતે આવા શબ્દો બોલવામાં-પણ, સંયમ ને મહાવ્રતની સચવાય છે. આવી ઘટનામાં બીજા ધર્મનું આવું કાંઈક થઈ ગયું તો એમાં પણ કઈ રીતે મહાત્મા સાચા હતા, એ જોશું. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !

૨૭.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૫૨

ધર્મ બિંદુ ગ્રંથમાં પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ,
પાંચમા અધ્યાયની અંદર સંયમ ધારા કેવી રીતે
આગળ વધારવી, એનું અમુલ્ય માર્ગદર્શન આપી
રહ્યા છે. ગઈકાલનો પ્રશ્ન ચાલુ છે કે મહાત્મા-
એ શાસન અપભ્રાજના ને અટકાવવા માટે,
ભભુતિ ચોળી, ત્રિશુળ લઈ ને અલક નિરંજન-
કરતા બહાર નીકળ્યા, તો જિનશાસનની તો-
અપભ્રાજના ટળી ગઈ, પણ બીજા ધર્મની અપ-
ભ્રાજના થઈ એનું શું ? બહુ સરસ પ્રશ્ન છે,
અને આ પ્રશ્નના સંદર્ભમાં હું ત્રણ વિકલ્પ-
આપુ છું, જે મહાત્મા પાસે હતા,

પહેલો સાધુ વેષમાં જ બહાર નીકળવું,
બીજો વિકલ્પ છે આ રીતે અલક નિરંજન કરવું,
ત્રીજો વિકલ્પ છે ગૃહસ્થ ના વેષમાં બહાર નીકળવું,
પહેલા વિકલ્પમાં શાસનની ઘોર અપભ્રાજના,
બીજા વિકલ્પમાં બીજા ધર્મ ની અપભ્રાજના,
અને ત્રીજા વિકલ્પમાં કોઈ ધર્મ ની નહિ પણ-
પોતાની મનની અપભ્રાજના. શાસનની અપ-
ભ્રાજના ન કરવી જોઈએ એ પણ શા માટે
ન કરવી જોઈએ, એની સ્પષ્ટતા ન હોય ને પછી

આવો પ્રશ્ન ઉદ્ભવે. લગભગ બધાને આ પ્રશ્ન થયા પછી તો આવી ગયો હશે, કારણકે હજુ આપણે CLEAR નથી કે શાસનની અપભ્રાજના પણ શા માટે ન કરવી જોઈએ.

કોઈ એમ કહે કે કોઈ પણ જીવને ન મારવો જોઈએ, એ તો સમ્યગ છે. કોઈ એમ કહે કે મને ન મારવું જોઈએ. મારી હિંસા ન કરવી કેમકે મને વાગે, મને દુઃખે. તો એ વાત જેમ ખોટી કહેવાય. એવી રીતે, શાસનની અપભ્રાજના એટલા માટે ન કરવી - કારણકે એ મારું શાસન છે, આ વાત પણ ખોટી છે. લાગણી દ્રષ્ટિએ, વ્યવહાર દ્રષ્ટિએ બરાબર છે કે મારું શાસન છે, આત્મીયતા છે, અપભ્રાજના ન થવી જોઈએ, ખરાબ ન લાગવું જોઈએ, પણ હજુ ઉંડાણમાં જઈએ, હજુ - વિશુધ્ધ દ્રષ્ટિ થી જોઈએ તો શાસનની અપ-ભ્રાજના નો નિષેધ, શાસ્ત્રમાં એટલા માટે - કરવામાં આવ્યો છે, કે શાસનની અપભ્રાજના-થી શાસનની નિંદા કરે એમાથી અબોધિ - બીજ પામે, એનાથી દુર્લભ બોધિ થાય,

એનાથી દીર્ઘકાળ સુધી જિનશાસન પામે નહિ, એનાથી અનેક પાપો કરે, એનાથી મોક્ષમાં જવાની ભુમિકા ન પામે. અને એનાથી ભવભ્રમણ કરતા રહે ને એ જીવનું અહિત થાય, માટે શાસનની અપભ્રાજના ન કરવી જોઈએ.

जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ।

એક જિનશાસન સત્ય છે. જિનશાસન સિવાય કંઈ સત્ય નથી. અને એના કારણે જિનશાસનથી જ તરવાનું છે. અને જિનશાસનની નિંદા, આશાતના, અપભ્રાજનાથી ડુબવાનું છે. અનેક જીવોનું અહિત ન થાય, માટે શાસન અપભ્રાજના નથી કરવાની. આટલી વાત સમભયની આગળ વધુ. હવે એ મહાત્મા પાસે ત્યાં ગ્રહસ્થના કપડા પહેરવા માટે કંઈ સાધન જ નથી મંદિરમાં એવા બીજા કોઈ કપડા નથી જેનાથી એ ગ્રહસ્થ લાગે, બીજું કોઈ ધર્મના બીજા કોઈ બાવા, સંન્યાસી, સાધુ છે એટલો તો એમનો આકાર કહી બતાડે, કારણકે સ્નાનવગેરે ના હોય. જે વાળ, દાઢી, મુછ વગેરેનું પરિકર્મ વગેરે ના હોય. શરીર એ પ્રકારનું લાગે, તો ગ્રહસ્થનો વેષ પહેર્યા પછી પણ

હાળમાં કંઈ કાળુ લાગે, અને વેષ પણ ના-
હોય ત્યારે એનો કોઈ સવાલ નથી રહેતો.
ત્યારે બે વિકલ્પ બચ્યા, સ્વલિંગ એટલે કે
પોતાના ધર્મનો વેષ, યા પરલિંગ એટલે કે
બીજાના ધર્મનો વેષ, અને આ બે વિકલ્પમાં
જુવો નું કલ્યાણ શેમાં, અને અકલ્યાણ શેમાં,
જ્યાં સાધુના વેષે, શાસનના વેષે બહાર-
નીકળે, અને આખા નગરની અંદર જિનશાસન-
ની અપભ્રાજના થાય, જૈનો જૈનત્વ છોડી દે,
અજૈનો DOUBLE નિંદા કરે, જૈનો પણ કહે
કે મુકો આ ધર્મ, જેમાં આવુ થાય છે તો-
આપણને આ ધર્મ જોઈએ નહિ, રાજા એ
ધર્મ ઉપર ગુસ્સે થાય, એના જિનાલયો ને-
કદાચ બીજા મંદિરોમાં CONVERT કરી દે.
કદાચ એક સાધુ અને બીજા સાધુઓ ને પણ
પીને સજા કરે. છેદ સુત્રમાં એક શબ્દનો
પ્રયોગ થયો છે, જેનું નામ છે,

કટકમર્દ

કટક નો અર્થ છે સૈન્ય, મર્દ નો અર્થ છે
વિનાશ. તે જ્યારે સાધુથી કોઈ ગંભીર ભુલ
થઈ જાય ને રાજા, વાજા, વાંદરા, અને રાજાનું

મગજ છટકે તો બની શકે કે તે સાધુનો- પણ વધ કરાવે. એ આખા ગ્રુપનો વધ કરાવે. બની શકે આખા સમુદાયનો વધ કરાવે. બની શકે સકળ શ્રી સંઘનો વધ કરાવે. જેને છેદસુત્ર અધ્યયમાં,

કટક મર્દ

શબ્દથી કહ્યું. એટલે શાસનની અપભ્રાજના એ ઘોર પાપ છે. અને એ મહાત્મા બીજા ધર્મના વેષે નીકળ્યા, એમાં બીજા ધર્મ પ્રત્યે દ્વેષભાવ ન હતો. એમને ઉતારી પાડવાનો ભાવ ન હતો. એમનું અહિત કરવાનો ભાવ ન હતો. એમને હેરાન કરવાનો ભાવ ન હતો, પણ હજારો-લાખો જીવો ને પરંપરાએ કરોડો- અબજો જીવો, ને અનુબંધથી અનંતભવો સુધી નું અનર્થ ન થઈ જાય, એના માટે મહાત્માએ પરમ કરુણા સાથે- અંદર ના કોમળ પરિણામ સાથે, આ વ્રત પરિણામ- રક્ષા ની જે વાત છે, મહાત્મા છે, બસ ગમે તે થાય, મારે બીજો વેષ, ના.. ના.. મારો પર્યાય તૂટી જાય, મારે ફરીથી દીક્ષા લેવી પડે, મારે બીજાને વંદન કરવા પડે, ના ભાઈ ના આપણે આવુ કશું કરવું નથી. હું મારું સંયમ સાચવુ.

એ જે પ્યાલો છે એને હું બહાર જુદો ... જુદો ... જુદો, પરઠવી દઉં, એ બધુ સુકાઈ જાય, મારું સંયમ સચવાઈ જાય, લોકો ને જે વિચારવું હોય એ વિચારે, જે નિંદા કરવી હોય એ શાસનની કરે, ઉપાશ્રયોમાં તાળા લગાવવા હોય તો લગાડે, કોઈ સ્થિરવાસ યોગ્ય મહાત્મા, એમને કોઈ જગ્યા ખરીદી ને આપી દે, એ રહી શકે શાંતિથી એવી બધી સંભાવના છે, પણ મારા પ્યાલા પરઠવવાને કારણે, લોકો ને છી.. છી.. જુગુપ્સા થતી હોય, અને લોકો એમને ઈરગીઝ ન રહેવા દે ને આખી SOCIETY OPPOSE માં ઉભી રહી જાય, તો છો ઉભી રહી જાય, શાસનની નિંદા કરીને દુર્લભ બોધિ થતી હોય તો છો થાય, જે થવું હોય એ થાય, મારુ સંયમ સચવાઈ જવું જોઈએ, જ્યાં આવો ભાવ છે, ત્યાં પ્રવ્રન પરિણામની રક્ષા નથી, ત્યાં કોમળ પરિણામ નથી, ત્યાં તાત્વિક દ્રષ્ટિએ કઠોરતા ની નિષ્ઠુરતા છે, ત્યાં સ્વયં દુર્લભ બોધિ બનીને અનેકો ને દુર્લભ બોધિ બનાવવાની ચેષ્ટા છે.

મહાત્મા ને વસ્ત્રો પોતાના બાળતા, ઓઘો બાળતા પણ આ કરોડો ને અનંત જીવો - અથવા કરોડો જીવો ના અનંત ભવો એટલે કરોડો X અનંતભવો, અને જુદા જુદા ભવોના તે તે જીવોના પર્યાયો લો એ અપેક્ષા એ અનંત જીવો, એમના પ્રત્યેની જે કરૂણા માત્રની અભિવ્યક્તિ હતી, માટે એમણે વસ્ત્રોને બાળ્યા. એ હિંસા ન હતી એ અહિંસા હતી.
એ તેઉકાયની વિરાધના ન હતી, એ જિનશાસન-ની, સમ્યક્ત્વની, અને સર્વવિરતિની આરાધના-હતી.

મહાત્મા, ગ્લાન માટે ઔષધ વહોરવા-અથ, આરાધના છે. ઉપયોગ કરાવવો પડે. ન છુટકે કારણસર, ગુરુ આજ્ઞાથી, વિરાધના - નથી પણ આરાધના છે. ઉપાશ્રયની અંદર કુંડી નાની છે, શહેર છે, જગ્યાઓની સંકડાશ હોય, કાણા વધારે હોય, કુંડીના Sq. FT-કરતા કાણા કહાચ વધારે હોય, કુંડી પરઠવવાની ભીની રહેતી હોય, જીવોની વિરાધના થાય - એમ હોય, કુંડીમાં ગયેલું હોય ક્યારે સુકાય ભગવાન જાણે, પણ છતા પણ જીવો અધર્મ ન

પામે, શાસન અપભ્રાજના ન થાય, એના માટે લીની કુંડીમાં પણ જયણાથી ઉપયોગ-પૂર્વક પરઠવવું, આનું નામ જયણા. આનું-નામ કોમળ પરિણામ, આનું નામ સંયમ-પરિણતિ, આનું નામ જિનશાસનના હાર્દની સમજણ, અને જ્યાં ત્યાં, ગમે તેમ, પ્યાલા પરઠવવા, આનું નામ વિરાધના.

આનું નામ કઠોરતા.

આનું નામ અસંયમ.

આનું નામ અસમ્યક્ત્વ.

આનું નામ અવિરતિ

સભાનો પ્રશ્ન :- આટલા બધા સમયથી-સાચવેલા આચારો ને આ-રીતે છોડવું જરૂરું ન પડે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- વર્ષો પહેલા નિર્દોષ-પાણી મળતા, એ સમયે પાણસ્સ લેવેણવા, અલેવેણવા વગેરે આગારો-નો ઉપયોગ હતો, ઘરે ઘરે ઉકાળતા હતા, એવું ન હતું, પણ અત્યારે ઘોપણ, ઓસામણ

આ બધું એકાસણા, આયંબિલ, ઉપવાસની અંદર
પણ ચાલતુ, અને એ આગારો નો ઉપયોગ-
પુર્વાચાર્યો એ કારણ જોઈ ને બંધ કરાવ્યો, માત્ર
હવે ઉકાળેલું પાણી ચાલશે એ નક્કી કર્યું.
એ પોષાય એનો વાંધો નથી, કંઈક બીજા-
સંયમના અપવાદો પોષાય, સ્વજીવનની અંદર-
બીજુ બાંધછોડો પોષાય, અપવાદ ના નામે કે
ખરેખર અપવાદ, એ બધુ પોસાય. અને જે
BURNING PROBLEM છે, શાસનની દુખતી
નસ છે, જેને લીધે શાસનની અપભ્રાજના-
થાય છે, એના મુદ્દે કોઈ જ COMPROMISE
નહિ, મારે મુહપત્તિ લઈને બોલવું એમાં મન
શું નડે છે કે એ પણ હું બરાબર પાળતો
નથી, એમાં પણ પ્રમાદ છે, બીજા ઘણા-
બધા મારા જીવનમાં પ્રમાદ છે અને એક જ
આચાર જે મેં વર્ષો થી સાચવેલો, એના માટે
ના.. ના.. મારું અંતર બહુ દુ:ખે, ના..
ના.. આ તો બહુ ભીનું છે, આ તો મુકાતુ
જ નથી, કેટલી વિરાધના થઈ જાય, એનું
કંઈ નહિ, તો આ હકીકતમાં છેને આને
સંયમ પરિણતિ ના કહેવાય. પણ એક પ્રકારની

27. 10. 2021

Anupam

એસમજ અને ગેરસમજ કહેવાય, એભાગના-
પણ, ભલે કોઈ મહાત્માનો એવો ભાવ નથી
કે શાસનની નિંદા કરાવું. પણ અભાગના પણ
એ શાસન પ્રત્યેની પ્રત્યેનિકતા ને શત્રુતા કહેવાય.
આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

× × × × ×

૨૪.10.૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૫૩

ધર્મ બિંદુ ગ્રંથની અંદર, પાંચમા અધ્યાયમાં પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, દસમા સુત્રમાં કહે છે,

પૃથિવ્યાદ્યસંઘટ્ટનમ્ ।

દીક્ષા લીધા પછી સાધુએ બહુ જ કાળજી રાખવી, કે સચિત પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, ~~[illegible]~~ વનસ્પતિ કાય, આનો સંઘટ્ટો ના કરવો.

જ્યાં કાચી માટી રોડ માંથી કાઢીને બહાર ઢગલા કર્યા છે, જેમાં કંઈ શસ્ત્ર નથી લાગ્યું, વિશાળ તડકાનું, લોકોની અવરજવર નું, એના ઉપર સાધુથી પગ ના મુકાય, ક્યાંક પંખી- માટે દાણા નાખ્યા છે, સચિત વનસ્પતિ કાય છે, પગ ના મુકાય. ભીનું હોય, એ વિકલ્પ હોય. તો ભીના માંથી જવાય નહિ. જવું પડે તો થોડો સમય વિતી જવા દેવો જોઈએ. પિંડવાડાની અંદર પૂજ્ય યશોદેવસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન હતા, વરસાદ આવ્યો છે, સવારથી- વરસાદ ચાલુ છે, દહેરાસર જવાનું બધાને બાકી છે. વરસાદ રહી ગયો, પૂજ્યશ્રી કંઈ-

પાર ઉપર બેઠા છે, એક મહાત્મા પાંચ-દસ મિનિટ પછી આવ્યાં, એમણે પુછ્યું ક્યાં જઈ આવ્યા, મહાત્મા એ કહ્યું દહેરાસર જઈ આવ્યો, વરસાદ અટકી ગયો હતો, આપ પણ પધારો. કેમ વરસાદ અટકી ગયો છે ? અને યશોદેવસૂરીશ્વરજુ મહારાજ એ કહ્યું, કે

ઉપર પાણી ન હેતું, નીચે તો પાણી હતું ને!

મહાત્મા કહે કે તો કરવાનું શું, એ તો ક્યારે સુકાય ? દહેરાસર જ નહિ જવું ? યશોદેવસૂરીજુ મહારાજે કહ્યું, કે પહેલા પહેલું - જે પાણી હજુ વરસ્યું હોય, એ સચિત હોય, પછી સમય જાય, લોકોની અવરજવર વગેરે થાય એનાથી એ મિશ્ર થવાની સંભાવના છે, અચિત પણ થવાની સંભાવના છે. એટલે વરસાદ થઈ ગયા પછી થોડો સમય વિતી જવા દેવો જોઈએ. તરત.. તરત જઈએ, એમાં જયણા નથી. મુળ વિધિ એવી છે કે ચોમાસામાં સાધુએ ચાર મહિના, ચારે આહારનો ત્યાગ કરીને, પ્રતિસલિન પણે રહેવાનું.

જેની એ શક્તિ નથી, એકસો વીસ ઉપવાસની
એ એકસો ઓગણીસ કરે, એ શક્તિ નથી-
એકસો સત્તર કરે, એમ કરતા કરતા ઉપવાસ
સુધી, એનો પણ શક્તિ નથી તો આયંબિલ કરી,
એની શક્તિ નથી નવકારશી કરે, છેલ્લે કહ્યું -
દશાશ્રુત સ્કંધ આગમની ચૂર્ણિ ની અંદર,

जोगवुड्ढी कीरइ।

છેવટે સાધુ યોગ વૃધ્ધિ કરે. નવકારશી કરતા-
હોય તો પોરસી કરે, પોરસી કરતા હોય તો
સાઢપોરસી કરે, એ પણ શક્ય નથી તો કંઈક
ઉણોદરી કરે. કારણકે ચોમાસાની અંદર ગમના-
ગમનની પુષ્કળ વિરાધના થાય છે.

पृथिव्याद्यसङ्घट्टनम्।

જેઓ નિશ્ચય નય ના રવાડે ચડીને, એકાંત-
વાદ ના પનારે પડીને, ભાવ શુધ્ધિને જ સર્વસ્વ
માને છે, સાધુની પડિલેહણ ક્રિયા, પ્રતિક્રમણ-
ક્રિયા, છક્કાયની યતના, નિર્દોષ ગોચરી, આ
બધા માટે જેમને ઉપાદેય બુધ્ધિ નથી, તેઓ
ભાવ શુધ્ધિને પણ સમજ્યા નથી. નિશ્ચય અને
વ્યવહાર, સમાંતર સમાંતર જ ચાલે છે ને
સાથે સાથે જ ચાલે છે.

ગુરૂ તત્વ વિનિશ્ચય ગ્રંથની અંદર મહો-
પાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,
णिच्छयववहाराणं सरुवं अण्णुण्णसमणुविद्धं उ।
નિશ્ચય અને વ્યવહાર આ બંને નું સ્વરૂપ
એક બીજામાં એકમેક થયેલુ છે. તમે ઘરમાં
બેઠા, લાઈટ-પંખા લઈને બેઠા, છૈયા છોકરા-
લઈને બેઠા, ઘંધા- ધાપા લઈને બેઠા ને તમે
કહો ભાવ શુદ્ધિ. ઝેર પીને મે જીવી શકાય,
તો આ વાતાવરણમાં અતિશુદ્ધ, વિશુદ્ધ-
પરિણતિ મળવી શકાય. સાધુએ આ નિમિત્તો
છોડયા [illegible] એટલું જ નહિ, ષટ્કાય ના જીવો-
પ્રત્યે કરૂણા કેળવી એટલું જ નહિ, એમની
રક્ષા માટે સંસાર છોડવાનું સત્વ દાખવ્યું એટલું
જ નહિ, કેવળજ્ઞાનમાં ભગવાને જોઈને જે
સુક્ષ્મ.. સુક્ષ્મ.. સુક્ષ્મ.. સુક્ષ્મ.. બધુ જ
પાળવાનો આચાર બતાડયો, એને પાળવાનો જે
યથાશક્તિ પુરૂષાર્થ છે, તે સાધુની ભાવશુદ્ધિ-
છે. અધ્યાત્મ ના ઉંચા માં ઉંચા વર્ણન-
કરતા, નિશ્ચય નયની શિખર સ્પર્શી પ્રરૂપણા
કરતા, પણ એક અપેક્ષા એ સાધુની ઈર્યા-
સમિતિ, સાધુની દ્રષ્ટિ જ્યાં પંખી માટે દાણા

નાખેલા છે, સચિત્ત છે એનો પરિહાર કરીને જવાની વૃત્તિ, એ એક અપેક્ષાએ વધી જાય છે.

પૃથિવ્યાદ્યેસ્વઘટ્ટનમ્ ।

શ્રાવકની પણ પોતાના જીવનમાં અમુક ભાવ-શુદ્ધિ, ત્યારે જ ઘટી શકે, શક્ય બની શકે, જો શક્ય વિરાધના પરિહાર એના જીવનમાં છે, જો શક્ય અહિંસા પણ એ પાળતો નથી, શક્ય જીવદયા પણ કરતો નથી, મોજશોખની પણ-વિરાધના કરે છે, તો શ્રાવક જીવન પ્રાયોગ્ય-અલ્પ પણ ભાવ શુદ્ધિ જે POSSIBLE હતી, એ પણ એના માટે IMPOSSIBLE થઈ જાય.

આમ સંસારી જીવો માટે અત્રે ઘાસમાં આળોટીએ, ઘાસ ઉપર ચાલીએ, - RESORT માં જઈએ, WATER PARK માં જઈએ, હું કહું છું આ શ્રાવકની ભૂમિકા જ ના હોય શકે, તે શ્રાવક તો રડતો- કકળતો-હોય, અને પરિવારવાળા પરાણે લઈ ગયા-હોય ને છતાં એ અંદર ડુબકી મારવા તૈયાર ન હોય ને, પકડીને એને અંદર નાખી દેવામાં આવે, ત્યારે ધ્રુસકે ને ધ્રુસકે આંખમાંથી-

અશ્રુ ધારા વહેતી હોય, એમને શ્રાવક કહેવાય!

મહાત્માઓ વિહાર કરીને પહોંચ્યા છે. વિહાર ધામ નજીક આવ્યું છે, રોડથી વિહારધામ વચ્ચે, બે-ત્રણ મિનિટનું અંતર છે, મેદાન છે, મેદાનમાં લીલું લીલું ઘાસ ઉગ્યું છે, મહાત્મા પહોંચ્યા છે. બે મિનિટનો રસ્તો-કાપતા મહાત્માને વીસ મિનિટ થાય છે, કારણકે સંઘટ્ટાનો પરિહાર કરીને વિહારધામમાં પહોંચવા માટે, જે સાવધાની રાખવી પડે એ સાવધાનીમાં અઢાર મિનિટનો સમય-ક્ષય છે.

पृथिव्यादि षड्जीवरक्षणम् ।

અધ્યાત્મનો વિશ્વમાં તોટો નથી, ઈતર પંથોની અંદર પણ અધ્યાત્મ છે. અષ્ટાવક્ર ગીતા-જેવાના શ્લોકો વાંચો ને લાગે કે જાણે આકાશમાં ઉડતા હોઈએ. ઉપનિષદો ની અંદર જે અધ્યાત્મ છે, જેમ એકાંતવાદી પંથોની અંદર જે અધ્યાત્મની વાતો કરવામાં આવે છે, પણ જ્યાં સુધી ષટ્કાયની યતના નથી, ત્યાં સુધી એ બધી વાતો, માત્ર ને માત્ર વાતો

બનીને રહી જાય છે. હું વાત સારામાં સારી કરું, અને બાજુ વાળા માણસને લાફો મારી દીધો હોઉં ને પછી સારામાં સારી અધ્યાત્મ-ની વાત કરું ને બીજો લાફો મારું પેલાને. ને ફરી અધ્યાત્મની સારામાં સારી વાતો કરું ને ફરી એક મુક્કો મારી દઉં, અને ફરી પાછી અધ્યાત્મની વાત કરું, એ કહેશે કે આ-નાટક રહેવા દો.

ભગવાન કહે છે, જેમ બાજુ-વાળા માણસને ન મરાય, એને તમે જો મારો છો તો તમારી અધ્યાત્મની બધી જ વાત દંભ છે, ખોટી છે, પહેલું કામ તમારે એને મારવાનું બંધ કરવાનું કરવું જોઈએ. પછી-બીજુ કોઈ વાતમાં તમારુ વજૂદ હોવાની સંભાવના પણ રહે. બરાબર એ જ રીતે ભગવાન કહે છે.

सव्वं तु भूयं समयाणुप्पेहो

બધા જ જીવો ને સમભાવ થી જુઓ.

सव्वभूयप्पभूयस्स ।

બીજા જીવોને પોતાના જીવ સમાન જુઓ. અને ષટ્કાયની રક્ષા માટે પ્રયત્નશીલ થાઓ.

તો તમે જે અધ્યાત્મ પીરસી રહ્યા છો એ સાચુ ઠરશે. નહિં તો એ બધું નાટક છે, દંભ છે, ફ્રોડ છે, ધર્ષ છે, તદ્દન MEANINGLESS છે.

સામાચારી પ્રકરણમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

ज्ञानाचारोऽपि चारित्राचारसापेक्ष एव ज्ञानाचारः, अन्यथा त्वनाचारः ।

હું જ્ઞાનાચારમાં પ્રવૃત્ત થાઉં, હું સાધુ થઈ ગયો, હું ગીતાર્થ થઈ ગયો, મારે ભણવું છે ને એના માટે હું મોટી મોટી વિરાધના-કરાવું ભણવા માટે, કોઈ ષટ્કાયનો આરંભ, કોઈ ષટ્કાયની વિરાધના, કાંઈક હું લાઈટ વગેરેના પ્રયોગો કરાવું, કારણકે મારે ભણવું છે. મહોપાધ્યાયજી કહે છે કે તો પછી એ જ્ઞાનાચાર નથી, એ અનાચાર છે.

पृथिव्याद्यसङ्घट्टनम् ।

સાધુ ઓછું ભણે તો ચાલે. કદાચ એવી કોઈ પરિસ્થિતિ જેમાં વિરાધના વગર ભણવાની શક્યતા જ નથી, એમાં સાધુ એવા સમયે ના-

ભણે તો ચાલે. એવા ઉપાશ્રયમાં એક દિવસ રહેવાનું થયું, ગાઢ અંધારું છે, બહાર જવાય એવું નથી, અંદર કોઈ પ્રકાશની માર્ગ- જ નથી, ત્યાં વાંચી શકાય એવું નથી. તો આજે પરાવર્તન કરો, આજે નવુ નહિ. ભણાય તો ચાલશે. પણ લાઈટ વગેરે માં- ભણવું, ષટ્કાયની કોઈ પણ જાતની વિરાધના કરીને ભણવુ, એ જિનશાસનને માન્ય નથી.

સભાનો પ્રશ્ન :- બીજા કોઈએ લાઈટ કરી- હોય તો આપણે ભણી શકાય?

પૂજ્યશ્રી નો ઉત્તર :- જેટલે આ બધું કહ્યું છે કે આજે હું એવું વિચારું કે- આણે કરી છે ને માટે મેં વાંચી લીધું. પછી હું એમ કહીશ કે ભાઈ જરા..... ! અપવા- ક્યાંક અપવાદ હોય શકે, એવુ કોઈ ગાઢ કારણ, ચોથા વ્રત સિવાય બધે અપવાદ છે. અમને ગુરુદેવે દીક્ષા ના પહેલા વર્ષે, થોડો કાચો સ્વાધ્યાય હોય, ગાથા નવી ગોખી છે, હવુ એકદમ કડકડાટ ચાલતી નથી, ગુરુદેવ-

અહિંયા બેઠા છે, ઘાટકોપરનો સાંઘાણી સંઘનો ઉપાશ્રય છે, ત્યાં દાદરા પાસેની લાઈટ કરેલી છે. દરવાજા પાસે હું સાપડો ને ચોપડી લઈને બેઠો છું. રાત્રિ સ્વાધ્યાય કરી રહ્યો છું, ગુરુદેવ ત્યારે કશું બોલ્યા નહિ. ગુરુદેવનો આ સ્વભાવ. પછી જ્યારે ભગવંતને વંદામિ કરવા ગયો ત્યારે ગુરુદેવે કહ્યું, કે આ રીતે આપણે સ્વાધ્યાય ના કરાય. મેં કહ્યું કે ગુરુદેવ ક્યાં આપણા માટે કરી છે. ગુરુદેવે કહ્યું કે આને કદાચ એવું હોય છે, પણ જો આ ધારામાં આગળ વધે, પછી ભવિષ્યમાં, કરાવના હોય છે, આવુ બનતુ હોય છે, માટે આવુ ના કરવું. આવી ખબર જ નહતી ને ગુરુદેવની સામે જ ચોપડી લઈને બેઠા હતા, ગુરુદેવે કહ્યું અને મેં એ વસ્તુ બંધ કરી. મુળ વાત આ છે, પ્રત-પરિણામની રક્ષા, અથવા ભાવ વિશુદ્ધિ ! એ જયણા અર્થમાં ત્યારે થઈ શકે, જ્યારે ષટ્કાયના જીવોની રક્ષા, એનો પરિણામ હોય, યથાશક્તિ પ્રવૃત્તિ હોય, ઉત્સર્ગ માર્ગની વાત છે. કારણે ગુરુ અનુજ્ઞાથી કંઈક અપવાદનું સેવન હોય, એની નિંદા ટીકામાં પડતા નહિ. એનાથી

૨૪·10·૨૦21

Anupam

તમારા આત્મા ને નુકશાન થશે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૫૪

ધર્મ બિંદુ ગ્રંથના પાંચમા અધ્યાયમાં પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે, કે સાધુએ કઈ રીતે દીક્ષીત જીવનમાં વર્તવું, સંયમ-મળ્યું તો ખરું, સંયમ સફળ કઈ રીતે થાય?

અગિયારમું સુત્ર,

ત્રિધેર્યાશુદ્ધિ: ।

ક્યારેક ઉપર ક્યાંક ચડવાનું થાય, ગોચરી લેવા જતા કોઈક બિલ્ડીંગમાં ચડવાનું થાય, એમાં-પણ ઈર્યા સમિતિ પાળવાની, રોડ ઉપર ચાલીએ-છીએ, ઉપાશ્રયની અંદર ચાલીએ છીએ, ઈર્યા-સમિતિ બરાબર જોઈને પછી ચાલવાનું છે. ક્યારેક નીચે ઉતરવાનું થાય પર્વત પરથી, - બિલ્ડીંગ માંથી, નિચાણ વાળા રસ્તે, એમાં પણ ઈર્યા સમિતિ, ઈર્યાની શુધ્ધિ સાચવવાની છે. ઈર્યા સમિતિ માત્ર ચાલતી જ વખતે એવું નથી, બેઠા- બેઠા પણ ઈર્યા સમિતિ હોય છે. એક આંગળી ચલાવીએ એમાં પણ ઈર્યા સમિતિ હોય-છે. જોયા વગર આંગળી આમ થી આમ મુકવી, હાથ આમ થી આમ મુકવો, આમ થોડુંક ખસવું, આમાં પણ ઈર્યા સમિતિ હોય છે. નિશ્ચય દ્રષ્ટિ-એ, મનના વિચારોની ગતિમાં પણ ઈર્યા સમિતિ હોય છે.

જોયા વગર ચાલવાથી કીડી વગેરેની વિરાધના થાય
છે. જોયા વગર, જિનાજ્ઞાને લક્ષ્ય બનાવ્યા વગર,
સમજ્યા વગર, વિવેક વગર, દિનાદિન બુદ્ધિ-
વગર, એમને એમ વિચારો કરે રાખીએ, એમાં
મનો ગુપ્તિ ની વિરાધના થાય. આગળ વધીને -
આત્મ વિરાધના થાય.

હવે ઈર્યા સમિતિ, વ્યવહાર દ્રષ્ટિએ
યુગ માત્ર પ્રમાણ, જે ગાડું હોય, ગાડાની જે ધુંસરી
હોય, એને યુગ કહેવાય, શાસ્ત્રીય ભાષામાં, સંસ્કૃત
ભાષામાં, લગભગ સાડા ત્રણ હાથ જેટલી ભુમિ થાય.
અને એટલા DISTANCE એ મહાત્મા જોતા-
જોતા ચાલે. બહુ નજીક નું જુએ તો હવે કીડી-
દેખાય ને દૂર હટીને પગ મુકાઈ જાય. પગને-
રોકી ના શકાય. બહુ દુર જુએ તો કીડી દેખાય
જ નહિ, ખ્યાલ ન આવે, એટલે યુગ માત્ર-
ભુમિ જોઈને જવાનું કહ્યું.

लोकातिवाहिते मार्गे।

લોકો જ્યાં આવાગમન કરતા હોય NATURALLY
એ ભુમિ સહજ રીતે અચિત બનેલી હોય, એના
પરથી જવાનું. લોકો આમ જાય છે ને વચ્ચે અંતર

દેખાય ને, કાચી માટી છે ને, શીડે તો આ તરફ જાય છે, ખેતરમાંથી આમ SHORTCUT લગાડી દો, તો આમાં ઈર્યા સમિતિ નો ભંગ છે. જે કાચી માટી જે લોકોથી ખેડાયેલ નથી જે હજુ શસ્ત્રોપાત નથી થઈ જે હજુ નવીનવી ખોદેલી છે, જે સચિત છે. તો પછી એના પરથી ચાલીએ વિરાધના થાય,

चुम्बिते भास्वदंशुभिः।

જ્યાં સુરજ ના કિરણો સ્પર્શ કરતા હોય, એવી જગ્યાએથી જવાનું. એવી અંધારી જગ્યા છે, એવી ગીચ ઝાળી, એકદમ ગીચ જંગલ- વગડા જેવું છે ને ત્યાં સુરજ નું કિરણ સુદ્ધા સ્પર્શે નહિં, અને એનાથી ચાલીએ, તો ત્યાં જીવ વિરાધના ની સંભાવના વધારે છે,

जन्तुरक्षार्थमालोक्य गतिरिर्या मता सताम् ॥

જીવો ની રક્ષા માટે જોઈ જોઈને ચાલવું, આ ઈર્યા સમિતિ, આ વ્યવહાર ઈર્યા સમિતિ, - નિશ્ચય ઈર્યા સમિતિ, જિનાજ્ઞા ને ગુરુ આજ્ઞા એની બિલકુલ વિરાધના ન થાય, એ રીતે મન, વચન, કાયા ની પ્રવૃત્તિ કરવી. કાયાનો - વિહાર હોય છે, વાણીનો વિહાર હોય છે, મનનો

પગ વિહાર હોય છે, અને માર્ગમાં ઈર્યા સમિતિ-
હોય છે. સાધુ એ જે ડગલે ને પગલે સાવ-
ધાની રાખે, કે બિલકુલ પણ ન જીવ
વિરાધના થાય, ન આત્મ વિરાધના થાય.
કીડી, મકોડા પર પગ આવી જાય, સંઘટ્ટો વગેરે
થઈ જાય, કિલામણા થઈ જાય, પરિતાપના થઈ
જાય, મરી જાય એ જીવ. આ બીજાના જીવની
વિરાધના છે, એવું વિચારવું, કરવું કે બોલવું
જેનાથી જિનાજ્ઞા કે ગુરુ આજ્ઞાનો ભંગ છે, આ
નિશ્ચય ઈર્યા સમિતિનો ભંગ છે, અને એના દ્વારા
પોતાના જીવની વિરાધના, જેને આત્મ વિરાધના-
કહેવાય, એ થઈ જાય છે.

એક ઈર્યા સમિતિ એની અંદર
અનેક બાહ્ય ભાવોથી બચવાનો માર્ગ છે. અનેક
કુનિમિત્તોથી બચવાનો માર્ગ છે, રસ્તામાં કંઈક-
ખાડા-ટેકરા વગેરે આવે, ઠેસ ખાઈએ, ગોથુ-
ખાઈએ, પડીએ, વાગી કરે, એનાથી બચવાનો પત્ર
માર્ગ કે ઉપાય છે. એક ઈર્યા સમિતિ અનેક
આર્ત ધ્યાન, રૌદ્ર ધ્યાન, દુર્ધ્યાન, દુર્ગતિ,
એનાથી બચાવી શકે છે. એક ઈર્યા સમિતિ-

જેમ જીવ કોઈ ન આવે.. ન આવે.. ન આવે
એને શાસ્ત્રીય ભાષામાં વર્જનાભિપ્રાય કહેવાય,
એનો અર્થ છે જીવની રક્ષા માટે જીવને -
પરિહાર કરીને, છોડીને એના ઉપર પગ ન આવે
એ કાળજુ રાખીને, ચાલવાનો જે આશય એનું
નામ વર્જનાભિપ્રાય, એની પ્રત્યેક ક્ષણે શાતા-
વેદનીય કર્મ બંધાય, એની પ્રત્યેક ક્ષણે અશુભ-
કર્મોની નિર્જરા થાય, એની પ્રત્યેક ક્ષણે જીવ-
મોક્ષ માર્ગમાં વધુ ને વધુ પ્રગતિ કરે. તમારા
વાહનો, તમારા સ્કુટરો, ગાડીઓ, ટ્રેનો, પ્લેનો,
વગેરેની અંદર, ઈર્યા સમિતિની સંભાવના નથી,
માટે એની પ્રત્યેક ક્ષણે અશુભ કર્મનો બંધ થાય,
અશાતા વેદનીય નો બંધ થાય. REACHABLE-
DISTANCE એની અંદર પણ તમારે ચાલવું
નથી, બે મિનિટ ચાલીને પહોંચી શકો એમાં
પણ તમારે SCOOTY લેવી છે, ત્યાં તમને -
કોઈ બચાવ પણ મળતો નથી. અને એ વસ્તુ
પાછી ધાર્મિક પ્રયોજનની ન હોય, ત્યારે તમે
ઓર ખાડામાં પડો. ધર્મ માટે સંસારમાં બેઠા છો
અને વાહન વાપરો ત્યાં તમને પુણ્યનો બંધ
વધારે છે, એક તો પાપનું પ્રયોજન, એની

અંદર પાછો વાહનનો પ્રયોગ, એની અંદર-પાછુ થોડું પણ ચાલવાની આળસ, અને ઈર્યા સમિતિ નો ભંગ, જીવની વિરાધના ન થાય, તો પણ વિરાધનાનું પાપ લાગે. જીવ વિરાધના પણ છે, આત્મ વિરાધના પણ છે, જીવને નિદાન-કેન્દ્ર, CLICNIC, DOCTOR, દવા, MEDICAL STORE., HOSPITAL, ICU, રીબાઈ રીબાઈને મરવું, આ બધું ફાવે છે.

## એક ઈર્યાસમિતિ ફાવતી નથી!

હરિભદ્રસૂરી મહારાજ કહે છે.

त्रिधेर्याशुद्धिः।

સાધુથી કદી દોડાય નહિ,
સાધુથી કદી પણ જોયા વગર ચલાય નહિ,
દસવૈકાલિક સુત્ર ત્યાં સુધી કહે છે, કોઈ ઘર-જેવું હોય, જેની અંદર એટલુ સહજ અંધારુ રહેતું હોય, એવા ઘરમાં ગોચરી પણ સાધુથી જવાય નહિ,

नीअदुवारं तमसं कुट्ठगं परिवज्जए।

જેવું કાલકોટડી જેવું ઘર, અથવા ભલે શ્રીમંતનું

ઘર છે પણ પ્રકાશની વ્યવસ્થા નથી, અને -
અંધારું રહે છે, તો એમાં અંદર ગોચરી જવું
નહિ. કારણકે ત્યાં ઈર્યા સમિતિ, એષણા સમિતિ
આ બધું સચવાઈ નહિ શકે.

હરીભદ્રસૂરી મહારાજ આગળ વધે છે,
સૂત્ર નંબર બાર,

भिक्षाभोजनम् ।

મુનિચંદ્રસૂરી મહારાજ, ટીકામાં સ્પષ્ટતા કરે છે,
કે ત્રણ પ્રકારની ભીક્ષા હોય છે, પહેલી ભીક્ષા
છે, સર્વસંપતકરી, બીજુ છે પૌરુષઘ્ની અને
ત્રીજુ છે વૃત્તિ ભીક્ષા. જે મહાત્મા પોતાના -
સંયમમાં સુસ્થિર છે, વ્યવસ્થિત છે, યથાશક્તિ
ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે. જે જ્ઞાન,
ધ્યાનમાં મગ્ન રહે છે, આરાધનામાં મગ્ન રહે છે,

यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः ।

ધ્યાનાદિ યુક્ત છે, જ્ઞાનાદિ યુક્ત છે, ગુર્વાજ્ઞામાં -
વ્યવસ્થિત છે,

संयमे रमते नित्यं ।

સંયમમાં રમે છે, અને ભગવાનની આજ્ઞા મુજબ
યોગ્ય સમયે, ગચ્છના બાળ, વૃધ્ધ, ગ્લાન, તપસ્વી-

માટે, પોતાના માટે, માધુકરી ભીક્ષા જે રીતે ભમરો ફુલ ને હેરાન કર્યા વગર, પીડા-આપ્યા વગર, થોડો થોડો રસ ચુસે, એ રીતે જે ગોચરી ચર્યા કરે, એવા મહાત્માની ભીક્ષા ચર્યા એને સર્વસંપતકરી કહેવાય, કારણકે એનાથી-આત્મ ગુણોની સંપત્તિ પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિક બધી જ સમૃધ્ધિઓ પ્રગટ થાય છે.

સભાનો પ્રશ્ન :- ભુતકાળની અંદર એવું ક્યાંક વાંચ્યું હતું કે તેલ પણ ગાળવાનું! પાણીની જેમ.

પૂજ્યશ્રી નો ઉત્તર :- શાસ્ત્રોની અંદર આવુ વાંચેલુ નથી, પાણી ગાળવા સુધીની વાત આવે છે. ઘી, તેલ ઉઘાડા ન રાખવા એની વાત આવે છે, ઢાંકીને રાખવા એની વાત આવે છે. પણ ગાળવાની વાત મેં જાણી નથી. છતા કોઈ બીજા પાસે જાણી શકશો. ગાળવાની વાત નથી જાણી.

જે સંસ્કૃત હોય, સાધુ ધર્મની-અપેક્ષા એ કહું, તમે ગાળ્યુ નથી ગાળ્યું,

તમે પાણી ઉકાળતા પહેલા ગાળ્યું કે નહિ,
તમે લોટ લેતા પહેલા ચાળ્યો કે નહિ, લોટનો
કાળ થયો કે નહિ, અથવા ઘઉં ક્યાંથી લાવ્યા-
હતા. આ બધુ પુછવાનો સાધુનો અધિકાર નથી.
સાધુનું કર્તવ્ય પણ નથી, સાધુ ગયા ત્યારની
પરિસ્થિતિ જોઈને બેંતાલીસ દોષમાંથી, ક્યો દોષ
લાગે છે, નથી લાગતો, જોઈને યોગ્ય લાગે તો
મહાત્મા વહોરે, આટલો સાધુનો વિષય. અને
સાધુના એષણા સમિતિ, ભીક્ષા ચર્યા, એના
વિષયની અંદર, આનાથી આગળ જવાનું કહ્યું નથી.
બેંતાલીસ દોષમાં આવી કોઈ વાત આવી નથી
કે ભાઈ પાણી ક્યાંથી લાવ્યા હતા, ઘઉં ક્યાંથી
લાવ્યા હતા, આ શાક ક્યાંથી લાવ્યા હતા કે-
એનાએ કઈ રીતે ઉગાડયા હતા, પંચકલ્પ ભાષ્ય-
ના છેદ સુત્રની અંદર બહુ સ્પષ્ટ કહ્યું,

ण मूलओ लक्ख उप्पत्ती।

મુળમાંથી વસ્તુની ઉત્પત્તિ ક્યાં થઈ, કેવી રીતે થઈ,
ત્યાં સુધી સાધુએ જવાનું નથી, એ સાધુનો
વિષય નથી, તમારા ઘરની અંદર પણ બનાવવાની
કઈ પ્રક્રિયા કરી એ સાધુનો વિષય નથી.
તમે રાત્રે બનાવ્યું કે દિવસે બનાવ્યું એ જોવા

જવું, એ પણ સાધુનો વિષય નથી. ગઈકાલ-
રાતની રોટલી બનાવી ને એ વાસી થાય ને એ
મ વહોરીએ એ આખી વસ્તુ જુદી છે. પણ-
ધારોકે તમે કાંઈક ફરસાણ બનાવ્યું, જે બગડે
એવું નથી. એવી વસ્તુ તમે બનાવી, અને હું
આવીને તમને પુછુ, કે ભાઈ શું છે, તમે-
કહો કે પુરી છે ને હું કહું કે ભાઈ રાતે-
બનાવી હતી કે દિવસે બનાવી હતી, એ
અમારો આચાર નથી. તમારે રાતે ના બનાવવી
જોઈએ, એ તમારો આચાર છે. અને તમારા-
માટે રાત્રિભોજનની ચતુર્ભંગી આ છે, કે રાતે
બનાવેલું દિવસે ખાય, દિવસે બનાવેલું રાત્રે-
ખાય, દિવસે બનાવેલુ દિવસે ખાય, જે આજે
દિવસે બનાવ્યુ ને કાલે દિવસે ખાય, જે વાસી
થાય, એમાં રાત્રિભોજન નો દોષ લાગે છે, ને
રાતે બનાવેલું રાતે ખાય, આ તમારી રાત્રિભોજન-
ની ચતુર્ભંગી છે, અમારી રાત્રિભોજનની -
ચતુર્ભંગી આ છે દિવસે વહોરીને રાતે વાપરે,
રાતે વહોરીને દિવસે વાપરે, અમે વિહાર કરીએ
છીએ તમે વિનંતી કરી, હજુ સુર્યોદયની પંદર-
મિનિટની વાર છે, ને અમે લાભ આપવા, વહોરી

લઈએ, તો એ રાતે વહોરેલું દિવસે વાપર્યું કહેવાય અને એમાં અમને રાત્રિભોજનનો દોષ લાગે. દિવસે વહોરીએ ને દિવસે વાપરીએ. આજે વહોરીએ ને કાલે વાપરીએ, એમાં રાત્રિભોજનનો દોષ લાગે. રાતે વહોરી ને રાતે વાપરીએ, તો એ દોષ લાગે. એટલે અમારો વ્યવહાર, અમારે જે પ્રત્યક્ષ આચાર પાળવાના છે, એ એના . સંબંધીત છે. તમારો વ્યવહાર, તમે બધુ-જુઓ કે આ કેવી રીતે બન્યું, શું બન્યું, ભોર-નો કાળ, પહોર્યો - ના પહોર્યો, રાતે બનાવ્યું, દિવસે બનાવ્યું, આ બધો તમારો આચાર. અને જ્યાં ગાળવાના પ્રશ્ન છે, તો જ્યાં શ્રાદ્ધ-વિધિ વગેરે પ્રાચીન ગ્રંથો, એની અંદર આવી વાત બતાડી નથી, તમે ક્યાંક સાંભળ્યું હોય. બની શકે કે કોઈક પરંપરાની અંદર, કોઈક - કારણસર, આવી કોઈ પ્રવૃત્તિ, એવા કોઈ પ્રયોજન-થી શરૂ થઈ હોય, તો જે પાળતા હોય એ પાળે. પાળવું જ જોઈએ આવો શાસ્ત્રીય આચાર, મુળમાર્ગ, આવું કોઈ વિધાન મારા જોવામાં આવ્યું નથી. છતાં કોઈ વધારે કોઈ જ્ઞાની-બહુશ્રુત હોય એમની પાસે જાણી શકશો, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

30.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૫૫

ત્રણ પ્રકારની ભીક્ષા ની વાત હરીભદ્ર સૂરી
મહારાજના ધર્મ બિંદુ ગ્રંથની ટીકામાં મુનિચંદ્ર
સૂરી મહારાજ કરી રહ્યા છે, પહેલા નંબરની
ભીક્ષા, સર્વસંપતકરી ભીક્ષા, જે ભાવ સાધુ છે,
જિનાજ્ઞામાં વ્યવસ્થિત છે, એમની જે ભીક્ષા -
એ સર્વસંપતકરી. બીજા નંબરની ભીક્ષા એનું
નામ છે પૌરુષઘ્ની ભિક્ષા -

प्रव्रज्यां प्रतिपन्नो यस्तद्विरोधेन वर्तते ।

જેણે દીક્ષા તો લીધી પણ જે દીક્ષાના વિરોધમાં
વર્તે છે, દીક્ષા થી વિપરીત વર્તે છે, જિનાજ્ઞા-
થી ગુર્વાજ્ઞાથી વિપરીત વર્તે છે, અને શિથિલા-
ચાર સેવે છે, મન ફાવે એ રીતે વર્તે છે,
એવા જે વેષધારી હોય એ ગોચરી માટે નીકળે
એમની ભિક્ષા એ પૌરુષઘ્ની ભીક્ષા છે.

સવાલ પુછ્યો આવું નામ કેમ
રાખ્યું ને ત્યાં કારણ બતાવ્યું,

पौरुषं हन्ति केवलः ।

તેઓ આવા શિથિલાચારથી, પ્રમાદથી, આવા -
મફતના રોટલાથી, પોતાનું પૌરુષ, પોતાનો -
પુરૂષાર્થ એને હણી રહ્યા છે.

મફત કાંઈ હોતું જ નથી. જે પર એક ફ્રી
હોય ત્યાં FREE નો ભાવ લેવાઈ ગયો હોય છે.
ક્યારેક નુકશાની કરીને જે પર એક FREE
આપવામાં આવે ત્યારે, નુકશાની નું વળતર-
પાછુ આપણી પાસેથી જ લેવાનુ હોય છે.
મફત કાંઈ હોતું નથી. મફત લેવામાં આવે
કોઈ ધારે છે એ ચોરી કરે, ક્યાંકથી કાંઈક
ઉઠાંતરી કરે, કોઈને કોઈ રીતે એણે એ
ભવિષ્યમાં ચુકવવાનું જ છે, છેવટે પાડાના-
ભવ લઈને પણ ચુકવવું પડશે. જ્યારે લાયકાત
વગર, ગુણો વગર, સંયમ શુદ્ધિ વગર, મફતનું
લેવામાં પણ આવે છે, ત્યારે હકીકતમાં અધ્યાત્મ
કલ્પદ્રુમની અંદર સ્પષ્ટ કહ્યું,
लुलायगोश्वोष्ट्रखराश्वजन्मभि: विना ततस्ते भविता न निष्क्रय:।
સંયમ મારે પાળવું નથી, પ્રમાદ કરવો છે, ભગ-
વાનની આજ્ઞાની એસી તૈસી કરવી છે. સંયમની
રફે દફે કરવું છે, આચારને રફેદફે કરવા છે,
અને મફતનું ખાવું છે તો પછી મારે ખચ્ચરના,
પાડાના, ગધેડાના, ઉંટના, અને બળદના ભવો
લઈલઈને એ દેવુ ચુકતે કરવું પડશે. બીજુ
રીતે મારો સંયમ પુરુષાર્થ પણ હું ફોરવતો નથી.

હું ગૃહસ્થ નથી માટે ધંધા વગેરેનો પણ પુરુષાર્થ કરવાનો નથી, અને મફતનું માત્ર ખઉં છું, એનાથી શું થાય કે શાસ્ત્રમાં એક EXAMPLE આવ્યું, ખેડુત બળદને લઈને જઈ રહ્યો છે, ભિખારી રસ્તાની એક બાજુ પર બેઠો છે, એની કાંઈક નાની રકાબી જેવડી DISH છે, એની અંદર કંઈક લોકો એ ભીખમાં આપેલું ખાવાનું છે, એ ભિખારી એ ખાધુ નથી, પડ્યું છે. બળદે ચાલતા- ચાલતા જોઈ લીધું છે ને બળદે માથુ નાખ્યું છે. બળદ ખાઈ જાય છે ને ભિખારી બુમાબુમ કરી દે છે, ને ખેડુત બિચારો આમ શરમાય જાય છે, ખેડુત માફી માંગે છે, એને પૈસા આપવા જાય છે, ભિખારી કહે છે કે એનો સવાલ નથી, ભીખની મને કાંઈ પડી નથી, ભીખ મને જોઈતી સુધ્ધા નથી, આ ભીખ માટે હું બુમાબુમ કરું છું એવું નથી, મને હજુ ઘણી ભીખ મળશે, પેટ ભરેલું છે માટે ખાનું નહતો. હું બુમાબુમ કરું છું એટલા માટે, કે હવે તારો બળદ નકામો થઈ ગયો. શરીર મારુ સારું છે, નિરોગી છે, યૌવન છે, પણ આ ભીખનું ખાઈ ખાઈને મને કાંઈ કામ કરવાનું મન

નથી થતું. મારો પુરુષાર્થ આ મિથ્યાત્વથી-
ડૂબાઈ ગયો છે. બળદ જેણે આ અન્ન-
ખાધું હવે એ જે હળ ખેંચતો હતો, ગાડું
ખેંચતો હતો, જે તને કામ આવતો હતો,
હવે મને લાગે છે કે બળદ તમને કામ નહિ
લાગે તે માટે હું આ ઝુમાઝુમ કરું છું.

મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે,
पौरुषं हन्ति केवलम्।

અષ્ટક પ્રકરણમાં હરીભદ્રસૂરી મહારાજના શબ્દો
યાદ આવે, બીજા નંબરની ભીક્ષા, પૌરુષઘ્ની
ની ભીક્ષા, બહુ મોંઘુ પડે મફતનું, જેને
જે સંયમ નથી, શુદ્ધિ નથી, યથાશક્તિ-
આરાધના નથી, તો

ભીક્ષાનું લેવું એ પણ એક પ્રકારનો આપઘાત છે.

ભ્રષ્ટાચારો ઘણા બધા છે દુનિયાની
અંદર, દરેક TYPE ના ભ્રષ્ટાચાર હોય છે.
આપણે PETROLING કરીને ટ્રકનો પીછો
કરીને, ટ્રકમાં રહેલા પશુઓને છોડાવીએ-

કસાઈઓએ જે કાયદાનું પાલન નથી કર્યું ને
આટલા બધા પશુઓ ને ટ્રકમાં ભરી દીધા ને
કસાઈ કહાય આપણને કહે કે તમારા ચોપડાં
જોઓ. બધે ભ્રષ્ટાચાર છે. પણ ધર્મની-
અંદર થતો ભ્રષ્ટાચાર, ધર્મની અંદર થતી ગોલ-
માલ, એ વધારે ભયંકર છે.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે
તમારે નરકમાં જવું હોય, તો તમે વૈદ બનજો.
બીજાની મજબુરી, બીજાની માંદગી, બીજાની
ગરીબી, બીજાનું અજ્ઞાન, એનો ગેરફાયદો-
ઉઠાવવો. ઉંધુ-ચત્તુ કરવું, પૈસા પડાવવા,
અને કરતા કરતા અંતર નિષ્ઠુર થઈ ગયું હોય,
જરૂરી નથી બધા એવા હોય. પણ ખુબ જ
સાવધાન ન હોય તો લાઈન એવી છે, ધીમે-
ધીમે એ નિષ્ઠુર, કઠોર, નઠોર, છે ભ્રષ્ટાચાર જ
પણ મજબુરી નો ફાયદો, શરીર સાથે ચેડા,
ખોટા રૂપિયા પડાવવા, અને વિશ્વાસઘાત કરીને
જે તમને ભગવાન સમજે, જે તમને હમદર્દ
સમજે, પરગજુ સમજે એમો વિશ્વાસનો ઘાત
કરવો, અને આ લાઈન એવી છે કે તમેના

સાંભળો તો પડો તમે ને ભવ દુર્ગતિમાં. માટે નીતિશાસ્ત્રોમાં કહ્યું કે નરકમાં જવું છે તો વૈદ બનો. બીજા નંબરમાં કહ્યું, કે તમને ઈચ્છા જલ્દી નરકમાં જવું છે તો તમે કોટવાલ બનો. એ લાઈન જ એવી, જેમાં નિર્દયતા, નિષ્ઠુરતા, દબાવો બીજાને ને ખંખેરો, કોઈને મારવો, કોઈને મારી નાખવો, ઈચ્છા ઉતાવળ છે, ઈચ્છા જલ્દી નરકમાં જવું છે, તો તમે પુરોહિત બનો.

વૈદ કદાચ આખી જિંદગી બનશો તો નરકે જશો. કોટવાલ બનો તો બે-ચાર વર્ષ રહ્યા ને નરક નક્કી થઈ જવાની.

शीघ्रं नरकवाञ्छा चेद् दिनमेकं पुरोहित:

**સભાનો પ્રશ્ન :-** વૈદ છે એ દવા બનાવવા માટે નિષ્ઠુર છે માટે નરકમાં જાય, કે દર્દી પાસેથી પૈસા વધારે લે છે માટે નરકમાં જાય ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** કોરોનાની બીજી લહેર આવી

અને એક ભાઈ હૉસ્પિટલમાં જઈ આવ્યા, મોતના મુખમાંથી પાછા આવ્યા, ત્યાંનું બધુ દ્રશ્ય એમણે જોયું. બીજા એમના સંબંધીઓ, પરિચિતો એમણે પોત પોતાના અનુભવો જણાવ્યા, કેવો દર્દીઓ સાથે વર્તાવ કરવામાં આવ્યો, કઈ રીતે ખંખેરવામાં આવ્યા. કઈ રીતે દર્દીને બચાવવાની વિનંતી કરતા એમના વિજાતીય સ્વજનો એમના ઉપર દુરાચાર, છેડતી કરીને એમની મજબુરીનો લાભ ઉઠાવવામાં આવ્યો. કઈ રીતે દર્દીઓને ભાગી જોઈને મારવામાં આવ્યા, કઈ રીતે - OXYGEN PIPE લગાડી તો દીધો પણ બટન ચાલુ કર્યું નહિ ને, પતિ - પત્નીને ફોન ઉપર કહે છે કે હવે હું મરી જઈશ. કઈ રીતે ડૉક્ટર, દરદી ની પત્ની સાથે કંઈક ખરાબ કરી રહ્યો છે, ને એ પગે પડી રહી છે એમના માટે OXYGEN ની વ્યવસ્થા કરો, અને મરતા પતિની સામે એની પત્નીની સાથે ખરાબ કામ કરે ડૉક્ટર અને પતિ ત્યાં આંખ મીંચી આંસુ પાડતા હોય. આર્થિક ભ્રષ્ટાચાર, વિજાતીય ના ભ્રષ્ટાચાર, મતમતના કીભાંડો, કસાઈ જેવું અંતર, ભલે બધે જ એવું છે એવી

વાત નથી, બધાએ એવું કર્યું એવી વાત-
નથી, પણ ક્યાં- ક્યાં શું ચાલે છે, એની
વાત છે. ઘણા બધા સમાચારો, એ ભાઈએ
મને આપ્યા, વૈરાગ્ય અંદર ભભૂકી ઉઠે એવું
દ્રશ્ય ... મિત્ર એમના ડૉક્ટર-
એમણે એમને કહ્યું, કે તમારું ખાતુ તો-
સાવ નીચે જતું રહ્યું છે, અને એ મિત્ર ડૉક્ટરે
કહ્યું કે અમારુ ખાતુ આવું જ હતું, ફક્ત
હમણા એ થોડું ખુલ્લુ થઈ ગયું છે. નીચે
જતું રહ્યું એવું નથી, પર્દાફાશ થઈ ગયો છે.
અમુક લાઈનો જ એવી હોય છે, ભલે તમે
STATUS બનાવો, જરૂર પણ હોય છે, ગરજ
પણ હોય છે, અમે આ વાત કરીએ ને-
અત્યારે કાલે ઉઠીને કોઈ ડૉક્ટર ને બોલાવવા
પડે. એટલે બધા એવા હોય એવી વાત પણ
નથી. એવા પણ હોય જેને સાંસારિક દ્રષ્ટિએ
ભગવાન કહો ને ખરેખર એવા ગુણવાન પણ
હોય, એવા પણ DOCTORS હોય છે. જેઓ
પરગજુ હોય, જેઓ ખાસ ગરીબમાટે જ PRACTICE
કરતા હોય, સાંસારિક અપેક્ષા ઓછી હોય,
અથવા નહિવત હોય. ગરીબોને સાવ મફતમાં

પણ ફરી આપતા હોય અથવા રોકન કરે ફરી આપતા હોય, સાચી સલાહ આપતા હોય. જીસ્સુ ભરવા પૈસાની છાતી ના ચીરતા હોય, આવા- પણ DOCTORS હોય. પણ OVERALL શું થાય છે કે આ કામ કરતા કરતા, માણસ- ભગભગ ની બધે જ ભ્રષ્ટાચાર કરતી જ હોય છે, પ્રામાણિક બહુ ઓછા હોય. ને આમાં જ્યારે ભ્રષ્ટાચાર આવે ને ત્યારે અત્યંત નિષ્ઠુરતા આવી જાય છે, કારણકે એમાં શરીર- સાથે ચેડા કરવાના છે. ગરીબો ને નીચોવવાના છે. અને મજબુરીનો લાભ ઉઠાવવાનો છે.

ધર્મ બિંદુ ગ્રંથ કહે છે, કે આ પૌરુષઘ્ની ભીમા, આત્મા માટે હાનિકારક છે, આત્મા માટે નુકશાનકારક છે. નિતિશાસ્ત્રો કહે છે

दिनमेकं पुरोहितः।

એક દિવસ માટે તમે પુરોહિત બનો, પુરોહિતનો અર્થ છે એક પ્રકારના ધર્મ ગુરુ. ભલે પગારદાર હોય. ભલે રાજાએ એમને પગાર આપીને રાખ્યા, ભલે લોકો એમને OCCASSIONALLY રૂપિયા આપીને કામ કરાવે છે. હોમ, હવન, પુજન,

એક પ્રકારના ધર્મ ગુરુ. જલ્દીથી નરકમાં-
જવું હોય તો એક દિવસ માટે પણ પુરોહિત
બની જાવ. ત્યાં શરીર સાથેની છેડછાડ છે
અહિંયા ધર્મ ભાવના સાથેની છેડછાડ હોય.
શિથિલાચાર છે, આશંસા છે. મારી દુકાન-
ચલાવવી છે, ભક્તવર્ગ બનાવવો છે, અને
ભગવાનની આજ્ઞા પાળવી નથી, તો એવું સાધુ-
પણું એક દિવસ માટે પણ મને નરકે લઈ-
જવા માટે પુરતુ છે. જે દીક્ષાની વાત કરી
ત્રીજુ દીક્ષાની વાત બાકી છે. આજે સમય થયો
છે, આજે આટલું રાખીએ.

x x x x x